મનિષ ડોક્ટર
ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર

નં.ટીપીડી/આ/૨૧-૪૪
તા. ૧૨/૧૦/૨૦૨૩

પ્રતિ,
માન. અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.:૧૪, સચિવાલય,
ગાંધીનગર.

**વિષય :–** નગર રચના યોજના, સુરત નં. ૮૮ (વરીયાવ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) હેઠળ મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

**સંદર્ભ :–** નગર આયોજન અને મુલ્યાંકન ખાતાનો પત્ર ક્રમાંક : નરયો નં. ૮૮ (વરીયાવ)/કલમ ૪૧(૧)/હદ પરામર્શ/૨૯૯૨, તા.૨૭/૦૭/૨૦૨૨.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, સુરત શહેરના વેસ્ટ(રાંદેર) ઝોનના મોજેઃ વરીયાવ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.: ૮૮ (વરીયાવ) તૈયાર કરવા બાબતે નગર આયોજન અને મુલ્યાંકન ખાતાના સંદર્ભ હેઠળના પત્રથી પરામર્શ આપવામાં આવેલ તથા ઉકત નગર રચના યોજનાનો ઈરાદો તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ સભાના ઠરાવ નં.: ૨૨/૨૦૨૩ અન્વયે નગર રચના યોજના, સુરત નં. : ૮૮ (વરીયાવ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે. જે અંગેનું અધિસુચન સરકારી રાજયપત્રમાં તા.૧૦/૧૦/૨૦૨૩ ના સેન્ટ્રલ સેકશન પાર્ટ–૨ અસાધારણ પાના નં.: ૩૬૦ તથા ૩૬૧ માં પ્રસિધ્ધ થયેલ છે. વધુમાં, સદર અધિસુચન સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો (૧)સંદેશમાં તા.૧૨/૧૦/૨૦૨૩ તથા (૨)ગુજરાત ગાર્ડિયનમાં તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ અધિસૂચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ કરેલ છે. જે આપશ્રીને વિદિત થવા વિનંતી છે.

**બિડાણ :– ઉપર મુજબ**

આપનો વિશ્વાસુ

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

**નકલ સ. રવાના :–** (૧) માન. મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, સેકટર નં. ૧૦–અ, સેંટ ઝેવિયર્સ સ્કુલ સામે, ગાંધીનગર, ૩૮૨૦૧૦ પ્રતિ.... જાણ સારૂ.
(૨) સીનીયર નગર નિયોજકશ્રી, સાઉથ ગુજરાત રીજીયોન, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, રોડ નં ૩, સેકટર ૧૦–અ, ગાંધીનગર, ગુજરાત–૩૮૨૦૧૦ પ્રતિ... જાણ સારૂ.